Seat No. : _______________

# ND-106

**November-2013**

## B.A. Sem.-III (CBCS)

## Core-202 : Gujarati

**(ગ્રંથકારનો અભ્યાસ : પન્નાલાલ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **બધા** પ્રશ્નો ફરજિયાત છે.
(2) **બધા** પ્રશ્નોના ગુણ સમાન છે.

1. પન્નાલાલની ચઢાવ-ઉતાર સભર જીવનયાત્રામાં આવેલ સાહિત્યસર્જક તરીકે ઘડનારા પરિબળોની સમીક્ષા કરો. **14**

**અથવા**

પન્નાલાલના વૈવિધ્યસભર સમગ્ર સાહિત્યનો પરિચય કરાવો.

2. 'વળામણાં' લઘુનવલને આધારે પન્નાલાલ પટેલની સર્જક તરીકે વિશેષતાઓ અને મર્યાદાઓ મૂલવો. **14**

**અથવા**

સફળ વાત્સલ્યની ઉત્તમ ભાવસ્થિતિની અભિવ્યક્તિ લેખે 'વળામણાં' લઘુનવલનું રસદર્શન કરાવો.

3. પન્નાલાલ "લાગણીનું સત્ય એક વિશિષ્ટ પરિવેશમાં ધબકતું કરી બતાવે છે." – આ વિધાનની ચર્ચા અભ્યાસક્રમની વાર્તાઓને ધ્યાનમાં રાખી કરો. **14**

**અથવા**

અભ્યાસક્રમની વાર્તાઓમાં વ્યક્ત થયેલા ગ્રામજીવનની વિશેષતાઓના સર્વાંગી પાસાં આલેખો.

4. નીચેના (અ)માંથી **બે** અને (બ)માંથી **બે** ટૂંકનોંધ લખો : **14**

(અ) (1) 'વળામણાં'ના આરંભ અને અંતનું ઔચિત્ય
(2) 'વળામણાં'ના ગૌણ પાત્રો
(3) મનોરદાનું પાત્રાલેખન
(4) 'વળામણાં' શીર્ષકનું સાર્થક્ય

(બ) (1) 'વાત્રકને કાંઠે'માં નવલનો મનોસંઘર્ષ
(2) 'સુખ-દુઃખના સાથી'માં પ્રણય અને કરુણનું વિકસિત સંયોજન
(3) 'બાપુનો કૂતરો' વાર્તાનો અંત
(4) પન્નાલાલની વાર્તામાં નાટ્યાત્મકતા

5. નીચેના પ્રશ્નોના જવાબ આપો : **14**

(1) પન્નાલાલનો જન્મ કઈ સાલમાં થયો ?
(a) 1900 (b) 1915 (c) 1912 (d) 1910

(2) પન્નાલાલ કયા સાધુ સાથે મેઘરજ ભણવા ગયા ?
(a) સચ્ચિદાનંદ (b) જયશંકરાનંદ (c) બ્રહ્માનંદ (d) સહજાનંદ

(3) નીચેનામાંથી કઈ કૃતિ પન્નાલાલ પટેલની નથી ?
(a) ભાંગ્યાના ભેરુ (b) ભારેલો અગ્નિ
(c) માનવીની ભવાઈ (d) ઘમ્મર વલોણું

(4) પન્નાલાલને 1985માં કયો પુરસ્કાર પ્રાપ્ત થયો ?
(a) સાહિત્ય અકાદમી (b) રણજિતરામ સુવર્ણચંદ્રક
(c) નોબેલ (d) જ્ઞાનપીઠ

(5) ઝમકુની માતાનું નામ શું ?
(a) અંબા (b) મોતી (c) જમના (d) સાવિત્રી

(6) 'વળામણાં' લઘુનવલ કેટલા ખંડમાં વહેંચાયેલી છે ?
(a) બે (b) પાંચ (c) ત્રણ (d) ચાર

(7) અંબાએ બેચરના ઘરની ઝડતી લેવા કોને બોલાવ્યા ?
(a) મોતીને (b) મનોરદાને (c) ગામ લોકોને (d) બ્રાહ્મણને

(8) મનોરદાને જુવાનીમાં કોનું આકર્ષણ હતું ?
(a) અંબા (b) ઝમકુ (c) મોતી (d) નાથુડી

(9) મનોરદા ઝમકુને શાથી વેચી ન શક્યા ?
(a) દલાલ છટકી જતા. (b) મુસલમાનને ન વેચવાનો વિચાર આવતા.
(c) પૈસા ઓછા પડતા. (d) પોતાની પુત્રી નાથુડી જેવી લાગતા.

(10) નવલના બંને પતિ કયા વેશમાં આવે છે ?
(a) જમાદાર (b) સાધુ (c) બ્રાહ્મણ (d) ભિખારી

(11) બાપુના કૂતરાને 'સિલુ' કેમ કહેતા ?
(a) શીલવંત હતો. (b) સિલ્વર રંગનો હતો.
(c) સલાલ ગામનો હતો. (d) બાપુને સલામ કરતો હતો.

(12) વસંતની પત્નીનું નામ શું ?
(a) સુરબાળા (b) વીરબાળા (c) હીરબાળા (d) નંદબાળા

(13) જમનીને કયા પ્રકારની અપંગતા હતી ?
(a) મંદબુદ્ધિ (b) બહેરા-મૂંગા (c) અંધત્વ (d) લંગડી

(14) લક્ષ્મણને પરણવા કેટલા રૂપિયાની જરૂર હતી ?
(a) 500 (b) 200 (c) 300 (d) 100

---